બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



ALEVATE
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
• Turnkey Steel Building Solution
• Optimised Design
• Accurate manufacturing
• Speedy & Cost Saving Construction
• One Stop Solution for Roofing
Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Website: www.alevate.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ ચોથ ગુરુવાર ૪ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૮૯

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# ભારત સહિત 54 દેશો પર 12.5% ટેરિફ લાદવા અમેરિકાની દરખાસ્ત

**‘ફોર્સ્ડ** લેબર’ના નામે અમેરિકાની નવી ચાલ; ભારતે આક્ષેપો નકારી તપાસ બંધ કરવા કરી માગ

**અમેરિકાનો** ‘ફોર્સ્ડ લેબર’ દ્વારા ઉત્પાદિત માલની આયાત રોકવામાં નિષ્ફળ રહેવાનો આરોપ

**વેપાર** કરાર અંગેની મંત્રણા વચ્ચે આ પગલાંથી વ્યાપારી તણાવ વધ્યો

### નિષ્ણાતોના મતે WTOના નિયમોનું ઉલ્લંઘન

ભારતીય થિંક ટેન્ક GTRIના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું છે કે અમેરિકાનો આ પ્રસ્તાવ સેક્શન 301ના દાયરાની બહાર છે અને ભારતે આ તપાસના વ્યાપને પડકારવો જોઈએ. આ 12.5 ટકા ટેરિફ અમેરિકાની WTOની પ્રતિબદ્ધતાઓ કરતાં વધુ છે, કારણ કે તે નિર્ધારિત ટેરિફ દરની મર્યાદા ઓળંગે છે, જે વૈશ્વિક વેપાર નિયમોનો ભંગ છે. નાણાકીય વર્ષ 2025-26માં અમેરિકા ભારતનું બીજું સૌથી મોટું વેપારી ભાગીદાર રહ્યું છે, જ્યાં ભારતની નિકાસ 87.3 બિલિયન ડોલર અને આયાત 52.9 બિલિયન ડોલર નોંધાઈ હતી.

**વોશિંગ્ટન-નવી દિલ્હી, તા. 3 (PTI):** અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાને આખરી ઓપ આપવા માટે નવી દિલ્હીમાં ત્રણ દિવસીય ઉચ્ચ સ્તરીય બેઠક ચાલી રહી છે. બરાબર આ જ સમયે, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR)એ કથિત રીતે ‘ફોર્સ્ડ લેબર’ (વેઠમજૂરી) દ્વારા ઉત્પાદિત માલની આયાત રોકવામાં નિષ્ફળ રહેવા બદલ ભારત સહિત 54 દેશો પર 12.5 ટકા ટેરિફ લાદવાની દરખાસ્ત રજૂ કરીને નવો વિવાદ છેડ્યો છે.

આ 54 દેશોની યાદીમાં ભારત ઉપરાંત ચીન, જાપાન, બ્રિટેન, બ્રાઝિલ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને યુએઈ જેવા મોટા અર્થતંત્રો સામેલ છે, જ્યારે પાકિસ્તાન અને કેનેડા સહિત 6 દેશો પર 10 ટકા વધારાની ડ્યુટી પ્રસ્તાવિત કરાઈ છે.

અમેરિકાના આ પ્રસ્તાવ પર પ્રતિક્રિયા આપતા ભારતીય વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું છે કે નવી દિલ્હી સેક્શન 301ની તપાસ અંતર્ગત અમેરિકા સાથે સતત ચર્ચામાં જોડાયેલું છે.

ભારતે ફોર્સ્ડ લેબરના તમામ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને અમેરિકાને આ તપાસ બંધ કરવા કહ્યું છે. ભારતે ભારપૂર્વક કહ્યું છે કે આવા મુદ્દાઓ ચાલુ દ્વિપક્ષીય વેપાર વાટાઘાટોના માળખામાં જ ઉકેલાવા જોઈએ. વાણિજ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે ભારત 7 ફેબ્રુઆરી 2026ના રોજ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર વચગાળાના વેપાર કરારને આખરી ઓપ આપવા માટે સમાંતર રીતે વાટાઘાટો કરી રહ્યું છે.

USTRએ કેટલીક વસ્તુઓને બાદ કરતાં તમામ માલસામાન પર ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ ઉપરાંત, ટેક્સટાઈલ અને એપેરલ (કપડાં)ના ઉત્પાદનો માટે એક ખાસ વ્યવસ્થા પણ પ્રસ્તાવિત કરવામાં આવી છે, જેનાથી પસંદગીના દેશોમાંથી અમુક મર્યાદિત માત્રામાં માલ ઓછી ડ્યુટી સાથે અમેરિકામાં પ્રવેશી શકશે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે અમેરિકન કામદારો વૈશ્વિક સ્તરે અસમાન બજારનો સામનો કરી રહ્યા છે, જે હવે સહન કરવામાં આવશે નહીં. જોકે, આ નિર્ણય હજી માત્ર એક દરખાસ્ત છે.

તમામ હિતધારકો 22 જૂન 2026 સુધીમાં સુનાવણી માટે વિનંતી સબમિટ કરી શકે છે અને 7 જુલાઈના રોજ આ અંગે સુનાવણી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાની સુપ્રિમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વ્યાપક ટેરિફ વિરુદ્ધ ચુકાદો આપ્યો હોવાથી, યુએસ વહીવટીતંત્ર હવે નવા ટેરિફ લાદવા માટે ‘સેક્શન 301’ની તપાસ પદ્ધતિનો આશરો લઈ રહ્યું છે.

**ટેક્સટાઈલ અને કપડાંના ઉત્પાદનો માટે એક ખાસ વ્યવસ્થા પ્રસ્તાવિત**

ખાસ રાહત વ્યવસ્થા : અમેરિકાએ પ્રસ્તાવ મૂક્યો છે કે પસંદગીના દેશોમાંથી આવતા ટેક્સટાઈલ અને એપરલ ઉત્પાદનો માટે એક નિશ્ચિત ક્વોટા નક્કી કરવામાં આવશે. આ નક્કી કરેલા જથ્થા સુધીના કાપડની આયાત પર ૧૨.૫% ના બદલે ઓછા દરથી ટેરિફ (લોઅર ટેરિફ રેટ) વસૂલવામાં આવી શકે છે.

**ભારત પર અસર:** વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતની અમેરિકા ખાતેની કુલ $૮૭.૩ અબજની નિકાસમાં ટેક્સટાઈલ ક્ષેત્રનો હિસ્સો ઘણો મોટો છે. જો આ ૧૨.૫% ટેરિફ સંપૂર્ણપણે લાગુ થઈ જાય, તો અમેરિકાના બજારમાં ભારતીય કાપડ મોંઘું થઈ જાય. પરંતુ આ ખાસ ક્વોટા મિકેનિઝમ હેઠળ જો ભારતને લોઅર ટેરિફનો લાભ મળે, તો ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગને મોટું નુકસાન થતું અટકી શકે છે.

**અમેરિકાની શરતઃ** યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના મતે, આ રાહત માત્ર એવા દેશોને જ મળશે જેઓ ત્રીજા દેશોમાંથી આવતી ‘ફોર્સ્ડ લેબર’ (વેઠમજૂરી)વાળી કાપડની સામગ્રી (જેમ કે કાચો કપાસ કે યાર્ન)ની આયાત પર કડક પ્રતિબંધ મૂકશે.

# દિલ્હીની હોટેલમાં ભીષણ આગ: 21નાં મોત

**સીલ** બારીઓ અને બહાર નીકળવાનો એક જ ઓટોમેટિક દરવાજો હોવાથી ઈમારત બની મોતનો જાળ

**મૃતકોમાં** 11 વિદેશી સામેલ, દાઝી ગયેલાઓમાંથી 8 વેન્ટિલેટર પર



### ૬ રૂમની મંજૂરી સામે ૨૫ રૂમ ધમધમતા હતા

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, દિલ્હી સરકારની બેડ એન્ડ બ્રેકફાસ્ટ પોલિસી હેઠળ આ હોટલને માત્ર ૬ રૂમ રાખવાની મંજૂરી મળી હતી, પરંતુ માલિકો ગેરકાયદેસર રીતે બેઝમેન્ટ સહિત ૨૫ રૂમ ચલાવી રહ્યા હતા. ૬-૭ વર્ષ પહેલાં આ બિલ્ડિંગ માત્ર એક માળની હતી, પરંતુ પાછળથી સત્તાવાળાઓને જાણ કર્યા વગર જ ગેરકાયદેસર રીતે વધારાના માળ ચણી દેવાયા હતા. દિલ્હી પોલીસે આ મામલે હોટલના માલિક લોકેશ બજાજ, બિલ્ડિંગના માલિક લવકેશ અને લાયસન્સ ધારક જય મિશ્રા વિરુદ્ધ સાપરાધ મનુષ્યવધનો ગુનો દાખલ કર્યો છે. તમામ આરોપીઓ ફરાર હોવાથી એરપોર્ટ અને રેલવે સ્ટેશનો પર એલર્ટ જાહેર કરાયું છે.

**નવી દિલ્હી, તા. 3 (PTI):** દક્ષિણ દિલ્હીના માલવીયા નગરના હૌઝ રાની વિસ્તારમાં આવેલી ‘ફ્લોરિશ સ્ટે બી એન્ડ બી’ હોટેલમાં બુધવારે સવારે આશરે 8.30 વાગ્યે ભયાનક આગ ફાટી નીકળી હતી, જેમાં 11 વિદેશીઓ સહિત ઓછામાં ઓછા 21 લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે.

ફાયર NOC વગર ગેરકાયદેસર રીતે ધમધમતી આ 5 માળની સાંકડી બિલ્ડિંગવાળી હોટેલને માત્ર 6 રૂમની મંજૂરી હતી, પરંતુ નિયમોને નેવે મૂકીને બેઝમેન્ટ સહિત કુલ 25 રૂમ ચલાવવામાં આવી રહ્યા હતા. બિલ્ડિંગમાં બહાર નીકળવાનો માત્ર એક જ રસ્તો હોવાથી, બારીઓ કાયમી સીલ હોવાથી અને મુખ્ય દરવાજો સેન્સરથી ચાલતો હોવાથી અંદર રહેલા લોકો માટે ભાગવું અશક્ય બન્યું હતું અને આખી ઇમારત ‘મોતનો જાળ’ બની ગઈ હતી.

આ દુર્ઘટનામાંથી કુલ 58 લોકોને બચાવીને હોસ્પિટલ ખસેડાયા છે, જેમાંથી મેક્સ હોસ્પિટલમાં 18 લોકોને અને અન્ય હોસ્પિટલમાં 3 લોકોને મૃત જાહેર કરાયા

...અનુસંધાન પાના 11 પર







### માતાએ બાળકને છાતી સરસું ચાંપી ત્રીજા માળેથી છલાંગ લગાવી

આગ લાગતા જ અંદર હાજર લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. બચાવ કામગીરી દરમિયાન સ્થાનિક લોકો દેવદૂત બનીને સામે આવ્યા હતા. સામે ગાદલા-રજાઈની દુકાન ધરાવતા એક સ્થાનિક વેપારીએ નીચે

...અનુસંધાન પાના 11 પર

### બારીઓ તોડીને મદદ માટે આજીજી કરતા રહ્યા વિદેશીઓ

હોટલના રૂમોમાં ફસાયેલા સેન્ટ્રલ એશિયા અને આફ્રિકન દેશોના નાગરિકો બારીઓના કાચ તોડી-તોડીને બહાર હાથ હલાવી મદદ માટે આજીજી કરતા ચીસો પાડી રહ્યા હતા. તે જ સમયે, કેટલાક લોકો ધુમાડાના કારણે ગૂંગળામણ થવાથી રૂમની અંદર જ બેહોશ થઈ ગયા હતા, જેમને પાછળથી ફાયર બ્રિગેડની ટીમે કાચ તોડીને બહાર કાઢ્યા હતા.

## દિલ્હી ડાયરી



### કેરળ ભાજપમાં આંતરિક વિખવાદ

ભાજપ એકમોએ હમણાં જ સંપન્ન થયેલી વિધાનસભા ચૂંટણીમાં પોતાના પ્રદર્શનની સમીક્ષા શરૂ કરી દીધી છે. ચૂંટણી પરિણામો આવ્યા બાદ તરત જ યોજાયેલી કેરળ ભાજપ યુનિટની કોર કમિટીની બેઠકમાં પક્ષના ખરાબ પ્રદર્શનને લઈને ભારે ચર્ચા થઈ હતી. આ બેઠકમાં પી. સી. જ્યોર્જ અને તેમના પુત્ર શોન જ્યોર્જને મતગણતરીના દિવસ પહેલા ચર્ચના નેતાઓ વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓ બદલ કેટલાક નેતાઓના રોષનો સામનો કરવો પડ્યો હતો. પી. સી. જ્યોર્જે જાહેરમાં આક્ષેપ કર્યો હતો કે, કેટલાક કેથોલિક ચર્ચના બિશપ્સ ખ્રિસ્તી મતદારોને કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ની તરફણમાં પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. બેઠકમાં જ્યારે શોન જ્યોર્જે એવું સૂચન કર્યું કે, રાજ્ય ભાજપે પોતાની ‘હિન્દુ પક્ષ’ તરીકેની છબીમાંથી બહાર આવવું જોઈએ, ત્યારે અન્ય નેતાઓએ તેમના પિતા દ્વારા

...અનુસંધાન પાના 11 પર

તા. 03-06-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૨° સે. | ૨૮.૬° સે. | ૪૨% |

### ટીએમસીના ૨૮ વર્ષના ઇતિહાસમાં સૌથી મોટો બળવો

# બંગાળમાં શિવસેના-NCP જેવી સ્થિતિ: TMCના બે ભાગલા

**૫૮ બળવાખોર** ધારાસભ્યોએ રીતબ્રત બેનર્જીને નેતા ચૂંટ્યા, ‘અસલી ટીએમસી’નો દાવો

**મમતા** કેમ્પે પક્ષની બધી સમિતિઓ ભંગ કરી, બળવાખોરોએ કહ્યું મમતા બેનર્જી પક્ષના અધ્યક્ષ પણ તેમના ભત્રીજા અભિષેક સ્વીકાર નથી

**સ્પીકરે** જૂથના દાવાને સત્તાવાર રીતે સ્વીકારી લીધો છે, ડાબેરી પક્ષોએ કહ્યું ઈતિહાસનું ચક્ર આજે પૂરું થયું



### 80માંથી 58: પક્ષાંતર વિરોધી કાયદાથી બચવા ૨/૩ બહુમતી

રીતબ્રત બેનર્જી અને અન્ય એક હાંકી કઢાયેલા ધારાસભ્ય સંદીપન સાહાની આગેવાની હેઠળ બળવાખોરોએ ૫૮ ધારાસભ્યોના સમર્થનનો પત્ર સ્પીકરને સોંપ્યો હતો. પક્ષાંતર વિરોધી કાયદા હેઠળ અયોગ્ય ઠરવાથી બચવા માટે જરૂરી બે-તૃતીયાંશ (૨/૩)ની બહુમતીનો આંકડો બળવાખોરોએ સરળતાથી પાર કરી લીધો છે. રીતબ્રત બેનર્જીએ પત્રકારોને જણાવ્યું કે, “અમે જ હવે વિધાનસભામાં અસલી ટીએમસી છીએ કારણ કે પક્ષના સિમ્બોલ પર જીતેલા મોટાભાગના ધારાસભ્યો અમારી સાથે છે.” આ નવા જૂથે અખરુજ્જમાનને મુખ્ય વ્હીપ અને જાવેદ અહેમદ ખાન, સમર મુખોપાધ્યાય, અરૂપ રોય અને પ્રસુન બેનર્જી જેવા વરિષ્ઠ નેતાઓને ડેપ્યુટી લીડર જાહેર કર્યા છે.

**કોલકાતા, તા. 3 (PTI):** પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ હવે તૃણમૂલ કોંગ્રેસ (TMC) અંદરનો આંતરિક વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. બુધવારે પક્ષના 58 બળવાખોર ધારાસભ્યોએ તૃણમૂલમાંથી હાંકી કઢાયેલા નેતા રીતબ્રત બેનર્જીને વિધાનસભાદળના નેતા તરીકે ચૂંટી કાઢ્યા છે અને આ અંગેનો સત્તાવાર પત્ર વિધાનસભા સ્પીકર રથિન્દ્ર બોઝને સોંપી દીધો છે.

આ આકરા પ્રહારના જવાબમાં મમતા બેનર્જીના જૂથે બંગાળમાં પક્ષની તમામ સંગઠનાત્મક સમિતિઓ અને મોરચાઓને તાત્કાલિક અસરથી ભંગ કરવાની જાહેરાત કરી દીધી છે. ટીએમસીના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો આંતરિક પડકાર માનવામાં આવી રહ્યો છે.

રાજકીય નિષ્ણાતો આ આખી ઘટનાને મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે દ્વારા શિવસેનામાં અને અજીત પવાર દ્વારા એનસીપીમાં કરાયેલા બળવા સમાન ‘મહારાષ્ટ્ર મોડલ’ તરીકે જોઈ રહ્યા છે.

વિધાનસભા સ્પીકર રથિન્દ્ર બોઝે બળવાખોર જૂથના દાવાને સત્તાવાર રીતે સ્વીકારી લીધો છે, જેની પુષ્ટિ ખુદ રીતબ્રત બેનર્જીએ કરી છે. આ સાથે જ 1998માં મમતા બેનર્જી દ્વારા સ્થપાયેલી તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના 28 વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ વખત પક્ષના ભાગલા પડ્યા છે. બળવાખોરોએ દાવો કર્યો છે કે ટીએમસીના સિમ્બોલ પર જીતેલા 58 ધારાસભ્યો તેમની સાથે હોવાથી હવે વિધાનસભામાં તેઓ જ ‘અસલી ટીએમસી’ છે. બળવાખોર જૂથે જે નવું માળખું જાહેર કર્યું છે આ ઉપરાંત, બળવાખોરોએ મમતા બેનર્જીના પદને નબળું પાડવા માટે એક નવી ચાલ ચાલતા તેમને વિધાનસભાદળના મુખ્ય સલાહકાર બનવા માટે જાહેરમાં અપીલ કરી છે.

બીજી બાજુ મમતા બેનર્જીના જૂથે સ્પીકર સમક્ષ કરાયેલા આ દાવાની કાયદેસરતા સામે સવાલો ઉઠાવ્યા છે. મમતા કેમ્પનો આક્ષેપ છે કે બળવાખોરોએ સ્પીકરને આપેલો પત્ર પક્ષના સત્તાવાર લેટરહેડ પર નહીં, પરંતુ સામાન્ય સાદા કાગળ પર આપ્યો છે. નિયમ મુજબ માત્ર પક્ષના અધ્યક્ષ કે રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી જ આવા નિર્ણયો સ્પીકરને જણાવી શકે છે.

ખાસ વાત એ છે કે, બળવાખોર ધારાસભ્યોએ મમતા બેનર્જીની સર્વોપરિતાને પડકારી નથી. તેમણે સ્પીકરને આપેલા પત્રમાં સ્પષ્ટ કર્યું

...અનુસંધાન પાના 11 પર

### H-1B વિઝાના ફાસ્ટ ટ્રેક પ્રોસેસિંગ માટે લાઈન લાગી

# H-1B વિઝા માટે ૨ લાખથી વધુ અરજદારોએ ચૂકવી રૂ. ૮૩ લાખની તોતિંગ પ્રીમિયમ ફી

**2.86 લાખ** વિઝા અરજદારો પૈકી મોટાભાગના લોકોએ ઝડપી વિઝા મેળવવા માટે આટલી મોટી રકમ ચૂકવી

**ડોક્ટર** અને શિક્ષકોને છુટ આપવા સેનેટરોએ વિનંતી કરી

**વોશિંગ્ટન, તા. 3 (PTI):** નાણાકીય વર્ષ 2026માં અમેરિકામાં કામ કરવા માટે 2 લાખથી વધુ અરજદારોએ ઝડપી વિઝા પ્રક્રિયા અંતર્ગત 1,00,000 ડોલર (આશરે 83 લાખ રૂપિયા)ની તોતિંગ ફી ચૂકવી હોવાનો ખુલાસો થયો છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ)ના સેક્રેટરી માર્કવેન મુલિને મંગળવારે સેનેટ એપ્રોપ્રિએશન્સ સબકમિટી સમક્ષ સાક્ષી આપતા આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ 2.86 લાખ H-1B વિઝાની અરજીઓ મળી છે, જેમાંથી મોટાભાગના લોકોએ ઝડપી વિઝા મેળવવા માટે આટલી મોટી રકમ ચૂકવી છે.

સેક્રેટરી મુલિને સેનેટર સુસાન કોલિન્સના એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે, જે અરજદારો 100,000 ડોલર ચૂકવે છે તેમની પેપર પ્રક્રિયા માત્ર 15 દિવસમાં પૂર્ણ થઈ જાય છે, જ્યારે સામાન્ય રીતે અન્ય અરજીઓની પ્રક્રિયા પૂર્ણ થવામાં આશરે 7.5 મહિના જેટલો

...અનુસંધાન પાના 11 પર

# કુવૈત એરપોર્ટ પર ઈરાનનો ડ્રોન હુમલો: 1 ભારતીયનું મોત

**હુમલામાં** 60થી વધુ ઈજાગ્રસ્ત થયા, ભારતે આકરા શબ્દોમાં આ હુમલાની ટીકા કરી, તમામ પક્ષોને તાત્કાલિક હિંસા રોકવા અપીલ કરી



**દુબઈ, તા. 3 (PTI):** અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવની વચ્ચે બુધવારે કુવૈત ઈન્ટરનેશનલ એરપોર્ટના પેસેન્જર ટર્મિનલ પર ઈરાન દ્વારા શ્રેણીબદ્ધ આત્મઘાતી ડ્રોન હુમલા કરવામાં આવ્યા છે. કુવૈત આર્મી અને આંતરિક મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હુમલામાં 1 ભારતીય પ્રવાસીનું મોત થયું છે અને એરપોર્ટના કર્મચારીઓ સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા

...અનુસંધાન પાના 11 પર